Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -:કાર્યવાહી:-

એકેડેમિક કાઉન્સિલની સભા **બુધવાર,તા.૨૯/૧૨/૨૦૨૧**નાં રોજ બપોરે ૧૨:૩૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના રૂમ નં. ૨૦૫માં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. કિશોરસિંહ એન. ચાવડા**(માનનીય કુલપતિશ્રી)** | હાજર |
| (૨) | ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ | હાજર |
| (૩) | ડૉ. કપિલા મનોજ | ઓનલાઈન હાજર |
| (૪) | ડૉ. પત્રલેખા એ. બારડ | ગેરહાજર |
| (૫) | ડૉ. સ્નેહલકુમાર એચ. મિસ્ત્રી | હાજર |
| (૬) | ડૉ. ચિન્ટુભાઈ એચ. ચૌધરી | ગેરહાજર |
| (૭) | ડૉ. દિનેશકુમાર પી. ચૌધરી | ઓનલાઈન હાજર |
| (૮) | ડૉ. અશોકભાઈ એમ. દેસાઈ | ઓનલાઈન હાજર |
| (૯) | ડૉ. વિપુલ આર. શાસ્ત્રી | હાજર |
| (૧૦) | ડૉ. સ્નેહલ કિરણભાઈ જોષી | હાજર |
| (૧૧) | ડૉ. રાજેશ મહેતા | હાજર |
| (૧૨) | ડૉ. જશવંતકુમાર ટી. ચૌધરી | ઓનલાઈન હાજર |
| (૧૩) | ડૉ. આનંદકુમાર વાય. ભટ્ટ | ઓનલાઈન હાજર |
| (૧૪) | ડૉ. વિમલ એ. પંડયા | ઓનલાઈન હાજર |
| (૧૫) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૧૬) | ડૉ. મહેન્દ્ર ચૌહાણ | ઓનલાઈન હાજર |
| (૧૭) | ડૉ. દિપકભાઈ ભોયે | ઓનલાઈન હાજર |
| (૧૮) | ડૉ. ગિરીશકુમાર એન. રાણા | ઓનલાઈન હાજર |
| (૧૯) | ડૉ. કશ્યપ પી. ખરાચિયા | ઓનલાઈન હાજર |
| (૨૦) | ડૉ. રૂસ્તમ ડી. મોરેના | હાજર |
| (૨૧) | શ્રી વિરેન કિશોરસિંહ મહીડા | હાજર |
| (૨૨) | ડૉ. ટી. જી. ગોહિલ | ગેરહાજર |
| (૨૩) | ડૉ. પારૂલબેન વડગામા | ઓનલાઈન હાજર |
| (૨૪) | ડૉ. નિમેષભાઈ માલી | ઓનલાઈન હાજર |

૧. એકેડેમિક કાઉન્સિલ તા.૨૨/૧૨/૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૨–૧૨–૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાંઆવી હતી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.**

૨. ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રીના વિભાગ ખાતે "વેદશાસ્ત્રોમાં વિજ્ઞાન" સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા અંગેના તા.૧૮–૧૨–૨૦૨૧ના પત્રાંકઃ ભૌતિક/ ૬૫૮૨/ ૨૦૨૧થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રીના વિભાગ ખાતે "વેદશાસ્ત્રોમાં વિજ્ઞાન" સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા અંગેના તા.૧૮–૧૨–૨૦૨૧ના પત્રાંકઃ ભૌતિક/ ૬૫૮૨/ ૨૦૨૧થી કરેલ વિનંતી સ્વીકારી સદર સર્ટીફીકેટ કોર્સને મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.**

૩. એકવેટીક બાયોલોજી વિભાગના વડાશ્રીના વિભાગ ખાતે નીચે મુજબના સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા અંગેના તા.૨૪–૧૨–૨૦૨૧ના પત્રાંકઃ એકવે.બાયો/ ૬૮૧૬/ ૨૦૨૧થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

1. Certificate Course in Toxicological Studies.

2.Certificate Course in Live Feed culture for Fin Fish/ Shell Fish.

3.Certificate Course in Spirulina and Chlorella Culture.

(અનુસ્નાતક વિભાગ )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકવેટીક બાયોલોજી વિભાગના વડાશ્રીના વિભાગ ખાતે ઉપરોકત સર્ટિફીકેટ કોર્સ શરૂ કરવા અંગેના તા.૨૪–૧૨–૨૦૨૧ના પત્રાંકઃ એકવે.બાયો/ ૬૮૧૬/ ૨૦૨૧થી કરેલ વિનંતી સ્વીકારી સદર સર્ટીફીકેટ કોર્સને મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.**

૪. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ થી અમલમાં આવનાર ગુજરાતી વિષયનો એસ.વાય.બી.કોમ (એક્ષટર્નલ) Core Compulsory Course in Gujarati નો અભ્યાસક્રમ અને એસ.વાય.બી.એ. (એક્ષટર્નલ) ગુજરાતી– Foundation Elective (ISD) અભ્યાસક્રમ ગુજરાતી વિષયની અભ્યાસ સમિતિવતી બોર્ડનાં ચેરમેનશ્રીએ મંજૂર કરી વિનયન વિદ્યાશાખાને ભલામણ કરેલ છે. જે વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.**

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ થી અમલમાં આવનાર ગુજરાતી વિષયનો એસ.વાય.બી.કોમ (એક્ષટર્નલ) Core Compulsory Course in Gujarati નો અભ્યાસક્રમ અને એસ.વાય.બી.એ. (એક્ષટર્નલ) ગુજરાતી–Foundation Elective (ISD) અભ્યાસક્રમ ગુજરાતી વિષયની અભ્યાસ સમિતિવતી બોર્ડનાં ચેરમેનશ્રીએ અને વિનયન વિદ્યાશાખાવતી ડીનશ્રીએ મંજૂર કરેલ ગુજરાતી વિષયનો એસ.વાય.બી.એ./બી.કોમ (એક્ષટર્નલ) અભ્યાસક્રમ મંજૂર કરવામાં આવે છે.**

૫. **અંગ્રેજી વિભાગ ખાતે** " Certificate Course in Basic Communicative English " **નો સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવા અંગેના અંગ્રેજી વિભાગના વડાશ્રીના તા.૨૪–૧૨–૨૦૨૧ના પત્રાંકઃ**Eng/ certi course/ 6861/2021 **થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજી વિભાગ ખાતે** " Certificate Course in Basic Communicative English " **નો સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવા અંગેના અંગ્રેજી વિભાગના વડાશ્રીના તા.૨૪–૧૨–૨૦૨૧ના પત્રાંકઃ**Eng/certi course/ 6861/2021 **થી કરેલ વિનંતી સ્વીકારી સદર સર્ટીફીકેટ કોર્સને મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.**

૬. **આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રીના વિભાગ ખાતે " Python for Statistics " નો સર્ટીફીકેટ કોર્સ ફેબ્રુઆરી –૨૦૨૨ થી શરૂ કરવા અંગેના તા.૨૪–૧૨–૨૦૨૧ના પત્રાંકઃStat/CC/6828/2021 પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રીના વિભાગ ખાતે " Python for Statistics" નો સર્ટીફીકેટ કોર્સ ફેબ્રુઆરી –૨૦૨૨ થી શરૂ કરવા અંગેના તા.૨૪–૧૨–૨૦૨૧ના પત્રાંકઃStat/CC/6828/2021પત્રથી કરેલ વિનંતી સ્વીકારી સદર સર્ટીફીકેટ કોર્સને મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.**

૭. સને–૨૦૨૧–૨૨ના શૈક્ષણિક બીજા સત્રની જે તે પરીક્ષાના વિષયો/પેપરોમાં નવો અભ્યસાક્રમ અમલમાં આવ્યો હોવાથી **માર્ચ/ એપ્રિલ/મેં–૨૦૨૨ માં લેવાનાર પરીક્ષાઓ માટે જુના અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષા છેલ્લી વાર લેવામાં આવતી હતી.** જે ઓલ્ડ કોર્ષની વધારાની ટ્રાયલ લેવી કે માત્ર નવા અભ્યાસક્રમ મુજબ જ પરીક્ષા આપવી જે વિચારણા કરવા બાબત.
નોધઃ– **માર્ચ/ એપ્રિલ/મેં–૨૦૨૨ માં લેવાનાર પરીક્ષાઓમા ભાષા સિવાયના આ સાથે સામેલ લીસ્ટ મુજબના વિષયોમાં નવો અભ્યાસક્રમ અમલમાં આવેલ છે.**

(પરીક્ષા વિભાગ'એ બ્રાન્ચ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત આગામી એકેડેમિક કાઉન્સિલની સભામાં રજૂ કરવી..**

૮. **અંબાબા કોમર્સ કોલેજ એન્ડ મનીબા ઈન્સ્ટિ. ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, સાબરગામ, સુરત.** BBA (4th Semester ) & (6th Semester) A.T.K.T. **પરીક્ષા આપવા દેવા માટેની અરજી આવેલ છે.**

**આ સાથે સામેલ અરજી મુજબ સદર વિધાર્થી ૨૦૦૯–૨૦૧૦ માં એડમીશન લઈ અભ્યાસક્રમમાં જોડાયેલ હતો. સદર વિદ્યાર્થીએ** (4th Semester) April-2013, S.N. 5456 **એ.ટી.કે.ટી.ની પરીક્ષા આપેલ, જેમાં** Production & Operation Mana. **એક વિષયમાં ફેઈલ થયેલ છે. તેમજ** (6th Semester) April-2013, S.N. 1032 **રેગ્યુલરની પરીક્ષા આપેલ, જેમાં** Stock Exchange & Portfolio Management. **એક વિષયમાં ફેઈલ થયેલ છે.**

**સદર વિદ્યાર્થીને અંગત કારણોસર એ.ટી.કે.ટી.ની પરીક્ષા આપી શકેલ ન હતો. જેથી આ બે સેમેસ્ટરના આ બે વિષયોની એ.ટી.કે.ટી.ની પરીક્ષા આપવા માટે વિનંતીની અરજી કરેલ છે. યુનિવર્સિટીના પરીક્ષાના ક્રમાંક : પરીક્ષા / એક્ષટર્નલ /૬૫૧૭/૨૦૨૧, તા. ૨૬/૦૩/૨૦૨૧ ના પરીપત્ર મુજબ જે ૨૦૧૨–૨૦૧૩થી અમલમાં આવનાર ફકત** CBCS **પદ્ધતિમાં પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પૂર્ણ કરવાની મહત્તમ સમયમર્યાદા દૂર કરવા ઠરાવવામાં આવેલ છે. જે ૨૦૧૨–૨૦૧૩ પહેલા એડમીશન લેનાર વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા અંગે વધુ પ્રયત્ન આપવા માટે જણાવેલ નથી. તેમજ નવો અભ્યાસક્રમ અમલમાં આવેલ છે. જેથી સદર વિદ્યાર્થીને બી.બી.એ. (ફોર્થ અને સીકસ સેમેસ્ટર) નો વધુ એક પ્રયત્ન આપવા અંગે ની મંજુરી આપવી કે કેમ ? તેમજ તે અંગે આ વિષયોની જગ્યાએ નવા અભ્યાસક્રમમાં જણાવેલ મુજબ કયા વિષયની પરીક્ષા આપી શકે, જે અંગે વિચારણા કરવા બાબત.**

(પરીક્ષા વિભાગ/પી.જી.મેનેજમેન્ટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે વિદ્યાર્થીએ પ્રવર્તમાન અભ્યાસક્રમ મુજબના કયા વિષયોની પરીક્ષા આપવાની થાય છે તે મુજબનો સંલગ્ન ફેકલ્ટીનાં ડીનશ્રીનો અભિપ્રાય મેળવી તદ્અનુસાર કાર્યવાહી કરવી.**

૯. શૈક્ષણિક વર્ષ – ૨૦૨૧– ૨૨ની રેગ્યુલર સેમેસ્ટર – ૨ , ૪ અને ૬ ની પરીક્ષાઓ તેમજ એ.ટી.કે.ટી સેમેસ્ટર ૧, ૩ અને ૫ ની પરીક્ષા યોજવા તેમજ સદર પરીક્ષાઓ હાલમાં કોરોના (ઓમીક્રોન)ની ઉદભવતી સ્થિતી ધ્યાને લઈ પરીક્ષાઓ કઈ રીતે લેવી તે અંગે વિચારણા કરવા બાબત..
(નોધ : આ સાથે એકડમીક કાઉન્સિલનો સત્ર વ્યવસ્થાનો પરીપત્ર મુજબ એ.ટી.કે.ટી. ૧, ૩ અને ૫ તા. ૦૧/૦૪/૨૨ થી તેમજ રેગ્યુલર ૨, ૪ અને ૬ તા. ૧૧/૦૪/૨૨ થી યોજવી.)

( પરીક્ષા વિભાગ/સાયન્સ ફેકલ્ટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ – ૨૦૨૧– ૨૨ની રેગ્યુલર સેમેસ્ટર – ૨ , ૪ અને ૬ ની પરીક્ષાઓ તેમજ એ.ટી.કે.ટી સેમેસ્ટર ૧, ૩ અને ૫ ની પરીક્ષા યોજવા તેમજ સદર પરીક્ષાઓ હાલમાં કોરોના (ઓમીક્રોન)ની ઉદ્ભવતી સ્થિતી ધ્યાને લઈ સ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર ૧ થી ૫ અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર ૧ થી ૩ માટે ઓનલાઈન મોડથી પરીક્ષા લેવી. સ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર –૬ (બી.સી.એ.સેમ.–૬ની પરીક્ષા સિવાય)અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર –૪માં ઓફલાઈન મોડથી પરીક્ષા લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોરોના અથવા અન્ય કારણોને ધ્યાનમાં લઈ જો જરૂર જણાય તો સ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર –૬ અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સેમેસ્ટર –૪માં ઓનલાઈન મોડથી પરીક્ષા લેવાનો નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

ગ્રામઅભ્યાસ વિદ્યાશાખામાં અને મેનેજમેન્ટ વિદ્યાશાખામાં તમામ સેમેસ્ટરની પરીક્ષા ઓફલાઈન મોડથી લેવી. આર્કિટેકચર વિદ્યાશાખામાં પરીક્ષાઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની યોજાયેલી પરીક્ષાઓ દરમિયાન નકકી થયેલ માળખા મુજબ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઓનલાઈન મોડથી લેવાનારી પરીક્ષાઓ માટે જે તે વિષયનાં પેપરસેટરો ધ્વારા ઓનલાઈન મોડથી ૧૦૦ પ્રશ્નો (૧ માર્કસના હોય તો ) અથવા (૨ માર્કસના ૨૦ પ્રશ્નો અને ૧ માર્કસના ૬૦ પ્રશ્નો ) અથવા (૧ માર્કસના ૩૨ પ્રશ્નો , ૨ માર્કસના ૩૪ પ્રશ્નો માત્ર ગણિત વિષય માટે)વિષય/પેપરનાં યુનિટ દીઠ સરખો ભારાંક આપી સોફટવેર ધ્વારા એન્ટ્રી કરવાનાં રહેશે.(વિકલ્પમાં પેપરસેટર સુવાચ્ય અક્ષરે લખેલા પ્રશ્નપત્રની ઈમેજને અપલોડ કરી શકશે.) જે તે વિષય/પેપરનાં ચેરમેનશ્રી ઓનલાઈન મોડથી પેપરસેટર ધ્વારા સબમીટ થયેલા પ્રશ્નોને વેરીફાઈ કરી પ્રશ્નોને એડીટ/સિલેકટ/રિજેકટ કરી શકશે. સોફટવેર ધ્વારા વિષય/પેપરનાં પ્રશ્નપત્રનાં યુનિટ દીઠ નિયત ભારાંક મુજબ કુલ ૫૦ માર્કર્સના (જે તે પ્રશ્નપત્ર માટેના માર્કસની વહેંચણી મુજબ) પ્રશ્નો રેન્ડમલી પસંદ થઈ પ્રશ્નપત્ર જનરેટ થશે.

ઓફલાઈન પરીક્ષાઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ની યોજાયેલી પરીક્ષાઓ દરમિયાન દરેક વિદ્યાશાખા માટે નકકી થયેલ માળખા મુજબ જ ઓવરઓલ ઓપ્શનવાળા પ્રશ્નપત્ર સેટ કરવાનાં રહેશે.

સ્નાતક કક્ષાએ તથા અનુસ્નાતક કક્ષાએ લેવાનારી યુનિવર્સિટીની રેગ્યુલર/એ.ટી.કે.ટી.ની પરીક્ષાઓ જે તે વિદ્યાશાખાનાં એકેડેમિક કેલેન્ડરમાં દર્શાવ્યા અનુસાર આ સાથે સામેલ પરિશિષ્ટ–ક મુજબ જે તે વિદ્યાશાખાના ડીનશ્રી સાથે પરામર્શ કરીને યોજાશે. એક્ષર્ટનલ અભ્યાક્રમોની પરીક્ષાઓની તારીખ ડીનશ્રી સાથે પરામર્શ કરી નકકી કરવાની રહેશે.

(પરિશિષ્ટ–ક)

૧૦. કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. સ્નેહલ જોષીના Textile ક્ષેત્રના નીચે મુજબના સર્ટીફીકેટ કોર્સો શરૂ કરવા અંગે તા. ૨૮/૧૨/૨૦૨૧ ના ઈમેલ પર વિચારણા કરવા બાબત.

| Sr.No | Certificate Course Title |
|---|---|
| 1 | Fashion Clothing & Technology |
| 2 | Design Development for Indian Ethnic Wear |
| 3 | Fashion & Media Communication |
| 4 | Textile for Interiors & Fashion |
| 5 | Fashion Knitwear Production and Technology |

(સેનેટ/સિન્ડિકેટ વિભાગ )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. સ્નેહલ જોષીના Textile ક્ષેત્રના નીચે મુજબના સર્ટીફીકેટ કોર્સો શરૂ કરવા અંગે તા.૨૮/૧૨/૨૦૨૧ ના ઈમેલ સ્વીકારી સદર સર્ટીફીકેટ કોર્સને મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.**

૧૧. **કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. સ્નેહલ જોષીના તા. ૨૮/૧૨/૨૦૨૧ ના ઈમેલથી મળેલ નીચે મુજબના સર્ટીફીકેટ કોર્ષો શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.**

| Sr.No | Certificate Course |
|---|---|
| 1 | Essentials of Hindu Dharma |
| 2 | Hindu Dharma and Practices |
| 3 | Hindu Principles |
| 4 | Hindu Practices |

**(સેનેટ/સિન્ડિકેટ વિભાગ )**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. સ્નેહલ જોષીના તા. ૨૮/૧૨/૨૦૨૧ ના ઉપરોકત સર્ટીફીકેટ કોર્સો શરૂ કરવા મળેલ ઈમેલ સ્વીકારી સદર સર્ટીફીકેટ કોર્સને મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.**

૧૨. બાહ્ય અભ્યાસક્રમના વિધાર્થી ધનગર વિજયકુમાર મોહનલાલની તા ૨૭/૧૨/૨૦૨૧ની બાહ્ય અભ્યાસક્રમના તૃતીય વષનાં પરીક્ષા ફોમ ભરવા માટે આવેલ અરજીને ધ્યાને લેતા વિધાર્થીએ પ્રથમ વષ બાહ્ય અભ્યાસક્રમની વષ: એપ્રિલ/મે- ૧૯૯૩માં પરીક્ષા પાસ કરેલ હતી અને તૃતીય વષની પરીક્ષા એપ્રિલ-૧૯૯૭ માં આપેલ હતી જેમાં તેઓ ૨ વિષયમાં નાપાસ થયેલ હતા ત્યાર બાદ વિધાર્થીએ કોઇ અભ્યાસ કરેલ નથી હાલ વિધાર્થીએ શૈક્ષણિક વષ ૨૦૨૧-૨૨ માટે તૃતીય વષનું પરીક્ષા ફોમ ભરવા માંગે છે પરંતુ સમય મયાદાને ધ્યાને લેતા વિધાર્થીનું પરીક્ષા ફોમ સ્વીકારી શકાય તેમ નથી.

યુનિવસિટીનાં પરિપત્ર ક્રમાંક: પરીક્ષા/એક્ષટનલ/૫૭૯૧/૨૦૨૧ તા: ૧૯/૦૩/૨૦૨૧ તથા પરીક્ષા/એક્ષટનલ/૬૫૧૭/૨૦૨૧ તા: ૨૬/૦૩/૨૦૨૧ માં જણાવ્યા મુજબ (૧+૨) બાહ્ય અભ્યાસક્રમ પૂણ કરવાની સમય મયાદા દુર કરવામાં આવેલ છે અને આ નિયમ CBCS લાગુ પડયા પછી લેવાયેલા પ્રવેશોને લાગુ પડશે. જે અંગે સદર વિધાર્થીની અરજીને ધ્યાને લેતા ચચા વિચારણા અથ સાદર.

**(પરીક્ષા વિભાગ/એક્ષર્ટનલ યુનિટ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે વિદ્યાર્થીએ પ્રવર્તમાન અભ્યાસક્રમ મુજબના કયા વિષયોની પરીક્ષા આપવાની થાય છે તે મુજબનો સંલગ્ન ફેકલ્ટીનાં ડીનશ્રીનો અભિપ્રાય મેળવી તદઅનુસાર કાર્યવાહી કરવી.**

**વધુમાં આવા જ અન્ય પ્રકારનાં કિસ્સાઓમાં સંલગ્ન વિદ્યાશાખાનાં ડીનશ્રીનો અભિપ્રાય મેળવી તે મુજબની કાર્યવાહી કરવી.**

૧૩. **માહિતી અધિકાર અધિનીયમ–૨૦૦૫ હેઠળ ગોધાણી યોગેશ ભગવાનભાઈ દ્વારા** M.Com.,Sem.-4 (August-2021)**માં વિષય**– Financial & Management Accounting-12 **માં પ્રશ્નપત્રમાં પ્રશ્ન ક્રમાંક – ૦૪** (a) English Medium **ના પેપરમાં પ્રતિ ઈક્વિટી શેર રૂ.૧૦ છપાયેલ છે જયારે ગુજરાતી મીડીયમમાં રૂ.૧૦૦ છપાયેલ છે પ્રશ્નપત્રમાં પ્રશ્ન નં. ૪ (અ) માં ગુજરાતી મીડીયમ અને** English **મીડીયમમાં એક આંકડામાં ફેરફાર જોવા મળેલ છે. જે અંગે પરીક્ષા વિભાગ/એ.સી.ડી.સી/આર.ટી.આઈ. ની તા.૨૧/૧૨/૨૦૨૧ ની સદર નોંધ પર આદેશાનુસાર કોમર્સ ફેકલ્ટીમાં એક જ મિડિયમમાં પ્રશ્નપત્ર આપવું કે કેમ ? જે અંગે વિચારણા કરવા બાબત..**

**(પરીક્ષા વિભાગ/એ.સી.ડી.સી/આર.ટી.આઈ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તમામ વિદ્યાશાખાઓ પૈકી જયાં એકથી વધુ માધ્યમમાં અભ્યાસ ચાલતો હોય તેવી કોલેજો પાસેથી માધ્યમ પ્રમાણે વિષય દીઠ/પેપર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા મેળવી તદ્અનુસાર માધ્યમ પ્રમાણે પ્રશ્નપત્ર છપાવી પ્રશ્નપત્ર સંખ્યા અનુસાર આપવાનાં રહેશે.**

૧૪. કોમર્સ ફેકલ્ટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગિલશ મીડીયમ કોલેજ, સુરત ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.દુઆ ગૌતમ ગોપાલ ને પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા BUT ની તા.૨૯–૧૨–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ અન્વયે મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

(૧) તેઓનો અભ્યાસ M.COM, BBA, MBA અને Ph.d.(Management) છે.

(૨)તેઓને મેનેજમેન્ટનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકેની માનયતા ક્રમાંકઃ એસ(૧)/(માન્યતા–૨૮૪)/૧૦૧૪૦ /૨૦૧૭, તા.૦૯–૦૬–૨૦૧૭ મળેલ છે.

(૩) તેઓને કોમર્સ વિદ્યાશાખાના કોમર્સ વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા NO:PG/PGT /Recog./12863/20 , Date: 21/12/2020 થી મળેલ છે.

(૪) <u>BUT ની તા.૨૯–૧૨–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ થી નીચે મુજબ ઠરાવેલ છે.</u>

સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક (૩) થી નીચે મુજબ ઠરાવેલ છે.

<u>સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક (૩)</u>

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૭–૧૧–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦ ની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરી આસીસટન્ટ પ્રોફેસર ડૉ. પટેલ બક્ષિસકુમાર ઈશ્વરભાઈને મેનેજમેન્ટ ફેકલ્ટીનાં મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા સંદર્ભે બાબત બી.યુ.ટી. ને રીફર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો ફેકલ્ટી બદલાય તો બી.યુ.ટી.માં મંજુર કરાવ્યા બાદ જ આગળના સતા મંડળોમાં બાબત રજુ કરવી.

<u>BUT ની તા.૨૯–૧૨–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ફેકલ્ટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગિલશ મીડીયમ કોલેજ, સુરત ના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દુઆ ગૌતમ ગોપાલને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, BUT ની તા.૨૯–૧૨–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી કોમર્સ ફેકલ્ટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયમાં અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગિલશ મીડીયમ કોલેજ, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દુઆ ગૌતમ ગોપાલને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા આગળની નિયમ અનુસાર કાર્યવાહી કરવી.**

૧૫. **એસ.એસ. અગ્રવાલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,નવસારીની M.Com - Financial Management Accounting (English Med.) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટેના ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે માન.કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન મોડથી તા.૩૦–૧૦–૨૦૨૧ ના રોજ LIC નું આયોજન કરી નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે M.Com- Financial Management Accounting (English Med.) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર** કરવા કરેલ ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૯–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૩) અન્વયે સ્થાનિક તપાસ સમિતીની નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....

**LICનીશરતો : –**

(૧) એક એસોસિયેટ પ્રોફેસરની નિમણૂંક કરવી.
(૨) અનુસ્નાતક અભ્યયાસક્રમને અનુરૂપ પુસ્તકો–સંદર્ભગ્રંથો વસાવવામાં આવે તથા મેગેઝીન–જર્નલના લવાજમ ભરવામાં આવે.
(૩) કર્મચારીઓને પગાર–ભથ્થાની નિયમાનુસાર સમયસર ચૂકવણી કરવામાં આવે.
(૪) અનુસ્નાતક અભ્યાસક્રમ અંગેના યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત નિયમોનું પાલન કરવામાં આવે.
(૫) યુ.જી.સી./રાજય સરકાર/ વી.ન.દ.ગુ.યુનિ. દ્વારા વખતો વખત નકકી કરવામાં આવતા નીતિ નિયમો, ધારા ધોરણોનું પાલન કરવું.
(૬) ઓર્ડિનન્સ ૬૯ એ તથા ૬૯બી ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવું

**LICની ભલામણ :–**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ ક રીએ છીએ.

**સમયગાળો :–૨૦૨૧–૨૦૨૨**

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૯–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૦૩)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ.એસ. અગ્રવાલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,નવસારીની M.Com - Financial Management Accounting (English Med.) **અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટેના ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે માન.કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન મોડથી તા.૩૦–૧૦–૨૦૨૧ ના રોજ LIC નું આયોજન કરી નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે M.Com - Financial Management Accounting (English Med.) **અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું** ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

<u>(જોડાણ વિભાગ)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૯–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૦૩) અન્વયે કરેલ ભલામણ સ્વીકારી એસ.એસ. અગ્રવાલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,નવસારીને સ્થાનિક તપાસ સમિતિની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે M.Com - Financial Management Accounting (English Med.) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૬. **સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત**ની **P.G. Diploma in Tax Management** અનુસ્નાતક ડિપ્લોમા સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટેના ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે માન.કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન મોડથી તા.૨૦–૧૨–૨૦૨૧ ના રોજ **LIC** નું આયોજન કરી નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે **P.G. Diploma in Tax Management** અનુસ્નાતક ડિપ્લોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમનું **ચાલુ જોડાણ મંજૂર** કરવા કરેલ ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૯–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૪) અન્વયે સ્થાનિક તપાસ સમિતીની નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....

**LICનીશરતો : –**

(૧) કોર્સને આધીન જરૂરી ટેકક્ષેશનને લગતા નવા એડિશનના પુસ્તકો ખરીદવામાં આવે.
(૨) યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ ફેકલ્ટીને માનદ વેતનની ચૂકવણી કરવી.
(૩) યુનિવર્સિટી ઓર્ડિનન્સ 69-A અને 69-B ની શરતોનું પાલન કરવામાં આવે છે.

**LICની ભલામણ :–**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**સમયગાળો :–૨૦૨૧–૨૦૨૨**

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૯–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૦૪)</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ,સુરતની P.G. Diploma in Tax Management અનુસ્નાતક ડિપ્લોમા સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટેના ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે માન.કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિ દ્વારા સિન્ડિકેટની તા.૨૭–૦૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન મોડથી તા.૨૦–૧૨–૨૦૨૧ ના રોજ LIC નું આયોજન કરી નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે P.G. Diploma in Tax Management અનુસ્નાતક ડિપ્લોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

<u>(જોડાણ વિભાગ)</u>

**:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨૯–૧૨–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક:(૦૪) અન્વયે કરેલ ભલામણ સ્વીકારી સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ,સુરતનેસ્થાનિક તપાસ સમિતિની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટેP.G. Diploma in Tax Management અનુસ્નાતક ડિપ્લોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ બાબતો**

૧૭. વિશ્વભારતી ગર્લ્સ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, સીમાડી–કોસંબા રોડ, મોરથાણા, સુરત–૩૯૪૩૨૫માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(માઈક્રોબાયોલોજી)(૧ ડિવિઝન) નું (Double Entry System- January-2022) નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨–૧૧–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૩૬) અન્વયે , માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી.(માઈક્રોબાયોલોજી) (એક ડિવિઝન) (સ્વનિર્ભર) | નવું જોડાણ (Double Entry System) | તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨ (૧ વર્ષ) |

**<u>શરતો :</u>**

(૧) નિયમાનુસાર યુનિવર્સિટી માન્ય માઈક્રોબાયોલોજી વિષય માટે એક અધ્યાપકની નિમણૂંક તથા કેમેસ્ટ્રી વિષય માટે એક અધ્યાપકની નિમણૂંક કરવાની રહેશે.

(૨) માઈક્રોબાયોલોજી વિષય માટે એક પૂર્ણકાલીન લેબ. આસીસ્ટન્ટની નિમણૂંક કરવાની રહેશે.

(૩) ફાયર સેફટી સર્ટિફીકેટ જરૂરી ઓથોરીટી પાસે મેળવી વખતો વખત renew કરાવવાનું રહેશે.

(૪) જરૂરી કેમિકલ્સ માટેના જરૂરી રજીસ્ટર તેમજ તેને સાંભળવા માટેની જવાબદારી આપવાની રહેશે.
(૫) નિમણૂંક પામેલ યુનિવર્સિટી માન્ય અધ્યાપકોને નિયમાનુસાર EPF તેમજ ગ્રેજયુઈટી વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે.
(૬) નિયમાનુસાર ઓર્ડિનન્સ ૬૯–અ અને ૬૯–બ નું પાલન કરવાનું રહેશે.
(૭) લેબોરેટરીમાં ઈકયબેટર (એક), હોટ એર ઓવન (એક) તથા Auto Clave (one) વસાવવાના થાય છે.
(૮) એક અલાયદું રેફ્રીજરેટર માઈક્રોબાયોલોજી માટે વસાવવાનું થાય છે.
(૯) વેસ્ટ segregation and disposal ની વ્યવસ્થા કરવાની રહે છે.

**ભલામણ :**

ઉપરોકત શરતોના પાલનની ચકાસણી માટે Physical Verification કરાવી શરતોની પૂર્તતાની ચકાસણી બાદ Double Entry System- January-2022 માટે એક ડિવિઝન મંજૂર કરવાની ભલામણ છે. <u>(જોડાણ વિભાગ)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિશ્વભારતી ગર્લ્સ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, સીમાડી–કોસંબા રોડ, મોરથાણા, સુરત–૩૯૪૩૨૫માં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(માઈક્રોબાયોલોજી)(૧ ડિવિઝન)નું (Double Entry System- January-2022) નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિની ભલામણ અનુસાર ચકાસણી સમિતિની નિયૂકિત કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૮. વિશ્વભારતી ગર્લ્સ ઈન્સ્ટિટયુટ ઓફ કોમર્સ, મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશન, વિશ્વભારતી ગર્લ્સ ઈન્ટરનેશનલ સ્કુલ, સિમાડા–કોસમડ રોડ, મોરથાણા, સુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.(૧ ડિવિઝન) નું (Double Entry System- January-2022) નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨–૧૧–૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૩૬) અન્વયે , માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ સિન્ડિકેટની તા.૨૭–૫–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૩) અન્વયે ઓનલાઈન LIC કરી યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.સી.એ. (એક ડિવિઝન) (સ્વનિર્ભર) | નવું જોડાણ (Double Entry System) | **તા.૦૧–૦૧–૨૦૨૨ થી તા.૩૧–૧૨–૨૦૨૨ (૧ વર્ષ)** |

<u>**શરતો :**</u>

(૧) નિયમાનુસાર યુનિવર્સિટી માન્ય અધ્યાપકોની નિમણૂંક (ચાલુ વર્ષ માટે ૨) તથા ક્રમશઃ આવનાર વર્ષો માં પ્રત્યેક વર્ષ દીઠ ૨ અધ્યાપકની નિમણૂંક કરવાની રહેશે.
(૨) ફાયર સેફટી સર્ટિફીકેટ જરૂરી ઓથોરીટી પાસે મેળવી વખતો વખત renew કરાવવાનું રહેશે.
(૩) નિમણૂંક પામેલ યુનિવર્સિટી માન્ય અધ્યાપકોને નિયમાનુસાર EPF તેમજ ગ્રેજયુઈટી વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે.
(૪) કોમ્પ્યુટર લેબોરેટરીનો ઉપયોગ BCA અભ્યાસક્રમ માટે અલાયદો રહેશે તેમજ તેનો ઉપયોગ અન્ય કોઈ કાર્ય અથવા અભ્યાસક્રમ માટે કરવો નહી.
(૫) નિયમાનુસાર ઓર્ડિનન્સ ૬૯–અ અને ૬૯–બ નું પાલન કરવાનું રહેશે.

**ભલામણ :**

ઉપરોક્ત શરતોના પાલનની અપેક્ષાએ ડબલ એન્ટ્રી સિસ્ટમ માટે એક ડિવિઝન મંજૂર કરવાની ભલામણ છે.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વિશ્વભારતી ગર્લ્સ ઈન્સ્ટિટયુટ ઓફ કોમર્સ, મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશન, વિશ્વભારતી ગર્લ્સ ઈન્ટરનેશનલ સ્કુલ, સિમાડા–કોસમડ રોડ, મોરથાણા, સુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.(૧ ડિવિઝન) નું **(Double Entry System- January-2022)** નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં દર્શાવેલ શરતોની પુર્તતા કરવાની શરતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.(૧ ડિવિઝન) નું **(Double Entry System- January-2022)** નવું જોડાણ આપવા **સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

૧૯. **વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બિઝનેશ, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ રિસર્ચ ધ્વારા નીચે મુજબના સર્ટીફીકેટ કોર્સની મંજુરી આપવા અંગેના તા.૨૨/૧૨/૨૦૨૧ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.**

1. **Web designning & publishing with word press-I,**
2. **Web designing & publishing with word press-II.**
3. **Introduction to search engine optimization.**
4. **SEO & Application of various tools.**
5. **Data handling with R.**
6. **Data visualization with R.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બિઝનેશ, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ રિસર્ચ ધ્વારા ઉપરોક્ત સર્ટીફીકેટ કોર્સની મંજુરી આપવા અંગેના તા.૨૨/૧૨/૨૦૨૧ના પત્રથી કરેલ વિનંતી સ્વીકારી સદર સર્ટીફીકેટ કોર્સને મલ્ટીડીસીપ્લીનરી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

ક્રમાંક : સિન્ડિકેટ/એ.કા./કા.વા./૨૦૩૬૫/૨૦૨૧ Sd/-
તા.૨૯/૧૨/૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....